# મળમાસ- અધિક જેઠ વદ પક્ષનો લાભ

ધર્મ દર્શન
બાળકૃષ્ણ વડનેરે

સોમવાર એક જૂન 2026 અધિક જેઠ માસના વદ પક્ષની શરૂઆત થાય છે. ત્યારે તેની લાભદાયી વાતો કરવી છે. વાર, તિથિનું ઘણું મહત્ત્વ છે. કારણ અધિક મહિનો પુણ્યસંગ્રહ કરવાનો શ્રેષ્ઠ માસ છે. તેરમો મહિનો મળમાસ તરીકે ચર્ચાયો અને તે મહિનામાં લોકો કોઇ પણ શુભ કામ, જપ-જાપ્ય વિધિ, હોમ, યજ્ઞ કે અનુષ્ઠાન ન કરે અને એ ધાર્મિક વિધિવિધાન તરફ દુર્લક્ષ કરે. અધિક માસને ખૂબ વ્યથા થાય અને તે દુઃખી થઇને પ્રજા ઉત્પત્તિકાર બ્રહ્માજીને કહે છે, ''હે દેવ મારી હાલત બહુ જ ખરાબ અને દુર્ગતિપૂર્ણ થઇ છે. કોઇ પણ તિથિવાર હોય, કોઇ પણ ધાર્મિક વિધિ મળ માસમાં થતી નથી અને 'મળમાસ' નામે મને અગવણે છે.'' ત્યારે બ્રહ્માજી તેને સમજાવે છે. તું કૈલાસ પર શિવજીને તારી વ્યથા સંભળાવ તે તને અવશ્ય માર્ગ બતાવશે.

બ્રહ્માજી અને મળમાસ બંને કૈલાસ પર્વત પર શ્રી શિવજી પાસે જઇને મળમાસની વ્યથા પ્રકટ કરે છે અને શ્રી મહાદેવ બંનેને લઇને વૈકુંઠમાં શ્રીવિષ્ણુ ભગવાન પાસે જાય છે. મળમાસ વૈકુંઠમાં એક બાજુ ઊભો રહે છે. શ્રી વિષ્ણુજી બ્રહ્માજીનું અને મહાદેવનું સ્વાગત કરે છે, એમને આસન આપે છે અને આગમનનું કારણ પૂછે છે.

બ્રહ્માજી મળમાસ તરફ દૃષ્ટિ કરીને કહે છે, ''આ જે ઊભો મળમાસ છે, તે અત્યંતિક વ્યથિત છે. બાર મહિનાનો આવતો તેરમો મહિનો તે આ મળમાસ પોતાનું દુઃખ કહેશે. એનો કોઇ ઉપાય આપ આપશો એ નિર્ધાર સાથે અમે આવ્યા છીએ અને મળમાસ પોતાનું આત્મિક દુઃખ ભગવાન વિષ્ણુ આગળ કથન કરે છે. ભગવાન વિષ્ણુ આંખો બંધ કરીને વસ્તુસ્થિતિ જાણી લે છે અને મળમાસને પોતાની પાસે લઇને કહે છે, ''હે માસોત્તમ ઉત્તમ માસ! આજથી તારું નામ મારા નામ સાથે જોડાઈ જાય છે. આજથી તારું નામ છે પુરુષોત્તમ માસ. જ્યારે પણ પૃથ્વી પર કોઇ પણ પ્રાણી જપ, તપ, સ્વાધ્યાય, અનુષ્ઠાન, વ્રત-વૈકલ્ય, પૂજાપાઠ, ભજન-કિર્તન કે ધાર્મિક વિધિવિધાન કરશે ત્યારે બમણું ફળ તે પ્રાણીઓને મળશે અને મળમાસ આનંદી બન્યો અને સાધારણતા દર તેત્રીસ મહિના પછી આવનારો મહિનો અધિક માસ પુરુષોત્તમ માસ તરીકે ઉજવવાની પ્રથા થઇ અને પ્રત્યેક ધાર્મિક વ્રતોનું બમણું ફળ મળવાનો પ્રારંભ થયો. શ્રી બ્રહ્માજી અને શ્રી મહાદેવની સાક્ષીમાં મળમાસના મનને શાંતિ મળી અને પુરુષોત્તમ માસ એક પવિત્ર અને પુણ્યકારક માસ તરીકે પ્રજાજનો જપ, તપ, વ્રતો, અનુષ્ઠાનો કરવા લાગ્યા. અધિક માસના દેવતા શ્રી વિષ્ણુ ભગવાન છે અને એક માસમાં સુદ અને વદની જે પંદર-પંદર તિથિઓ આવે છે તેમના દેવતાઓ નીચે પ્રમાણે છે. પ્રતિપદા એકમ-અગ્નિ, દ્વિતીય બીજ-બ્રહ્માજી, તૃતીયા- તીજન્યયક્ષ, ચતુર્થી ચોથ-ગણપતિ, પંચમી પાચમ-નાગ, ષષ્ઠિ છઠ-કાર્તિકેય, સપ્તમી સાતમ-સૂર્ય, અષ્ટમી આઠમ-રુદ્ર, નોમ દુર્ગામાતા, દશમ-યમ, એકાદશી વિશ્વેશ્વર, બારસ વિષ્ણુદેવ, તેરસ મદનકાન્ત, ચૌદશ-શિવ, પૂનમ-ચંદ્ર અમાસ-પિતૃદેવ.



**એવું સમાધાનકારક નિરૂપણ કરવામાં આવ્યું છે કે પુરુષોત્તમ માસમાં શ્રી વિષ્ણુ સહસ્રનામનું વાંચન કરવું અને પ્રથમ સુદ કે વદ પક્ષમાં પુરુષોત્તમ માસમાં જે તિથિ હોય તે તિથિના દેવતાનો 11-21 કે 51 વખત જપ કરવો**

એવું સમાધાનકારક નિરૂપણ કરવામાં આવ્યું છે કે પુરુષોત્તમ માસમાં શ્રી વિષ્ણુ સહસ્રનામનું વાંચન કરવું અને પ્રથમ સુદ કે વદ પક્ષમાં પુરુષોત્તમ માસમાં જે તિથિ હોય તે તિથિના દેવતાનો 11-21 કે 51 વખત જપ કરવો. તે તિથિની આગળ ૐ લગાવીને અન્તે નમઃ બોલવું. ઉદા-એકમના દેવતા અગ્નિ છે. તો 'ૐ અગ્નિ દેવતાય નમઃ. બીજના બ્રહ્મા છે તો ૐ બ્રહ્મ દેવતાય નમઃ આ પ્રમાણે સંપૂર્ણ પુરુષોત્તમ માસ શાંતિ, સત્ય અને સંયમથી પસાર કરવો. આ મહિનામાં સાધકનો પુણ્ય સંગ્રહ થાય છે.

પુરુષોત્તમ માસ શ્રેષ્ઠ અને પવિત્ર પર્વ માસ છે તેમાં ભક્તિ, સત્ય, સંકલ્પ વૃત્તિ, અનુષ્ઠાન, પૂજન, દર્શન, દાન, દયા અને સહયોગ પરોપકાર કર્મને વધારે મહત્ત્વ છે અને પ્રત્યેક ધર્મકાર્ય વિધિમાં બમણી સફળતા મળે છે.

આ માસમાં જે પુણ્યકર્મ કરવામાં આવે છે તેનો પ્રત્યક્ષ લાભ પણ જોવા મળે છે. અસત્યવૃત્તિ લોપ પામે છે. સત્યવાણી, સતપ્રવૃત્તિ અને શુદ્ધ સાત્વિક મતિ અને કાર્ય કરવામાં વિશેષ રુચિ નિર્માણ થાય છે. મળમાસે પોતાનું દુઃખ દૂર કરીને માનવ સમાજને આચરણશુદ્ધિ, શુદ્ધ વ્યવહાર અને દયાવૃત્તિની અનમોલ ભેટ આપી છે એટલે પુરુષોત્તમ માસમાં દેવ-દૈવત, દૈવની આરાધના અચૂક કરવી એવું ધર્મ સંદેશ કહે છે. ૐ પુરુષોત્તમમાસ નમઃ

# પ્રકૃતિની પૂજા એટલે પૃથ્વી માતાનો ચુનરી મનોરથ

પંચામૃત
નીલાક્ષી પરીખ

મિત્રો, 5મી જૂન એટલે પર્યાવરણ દિવસ. હવે તો સૌ જાણે જ છે, અરે! અનુભવે ચે કે પ્રકૃતિની સુરક્ષા ન જાળવીએ તો પ્રકૃતિના પ્રકોપનું કારણ બનીએ છીએ. પૂ. ગુરુદેવ ભાવિ પેઢીને કુદરતી જાગૃતિ લાવવા ગાંધીનગરમાં નોખી, અનોખી અલૌકિક અને અવિસ્મરણીય ભાગવત કથા સંભલાવી. આપણી સંસ્કૃતિ અને પ્રકૃતિ પૂજાનો મહિમા સમજાવ્યો. વિશ્વયુદ્ધની ભયંકરતા જોઈ જ રહ્યું છે ત્યારે જીવનનું માર્ગદર્શન અને સંદેશ પૂ. ગુરુદેવ પાસેથી શીખીએ. આ કથાની વિશેષતાએ હતી કે વિના મંડપ કે પંડાલ વિના પ્રકૃતિના સંપૂર્ણ સાનિધ્યમાં વૃક્ષોની હાજરી વચ્ચે એક કથાનું આયોજન થયું. આપણી સંસ્કૃતિ પ્રકૃતિની પૂજાની વાત કરે છે પણ પૂજાનું સ્થાન શોષણ લઇ લે તો વિકૃતિ આવે છે. પ્રકૃતિ તો મા છે અને પરમેશ્વર પિતા છે આપણા ઋષિઓએ પ્રકૃતિની ગોદમાં બેસીને પ્રકૃતિનું ચિંતન કર્યું છે. આજે આપણે પ્રકૃતિની અપેક્ષા કરીને આને ચિંતા અને ચિંતનનો વિષય બનાવી દીધો છે. આજે પૂરા વિશ્વનાં વાતાવરણમાં અસંતુલન દેખાય રહ્યું છે અને એને પ્રભાવ પડી રહ્યો છે. આજે આવશ્યકતા છે જનજાગૃતિ અને સંકલ્પ લઇ જીવન શૈલીમાં બદલાવની પૂ. ગુરુજી એ કહ્યું કે- કથા દ્વારા જો તમે દક્ષિણા આપી શકો તો 10 વૃક્ષ, 50 વૃક્ષ 100 વૃક્ષો વાવો અને તેનું જતન પણ કરો. વૈષ્ણવી પરંપરામાં ચુનરી મનોરથ કરવામાં આવે છે અને યમુનાજીની પૂજા થાય છે, તો આ વૃક્ષોનું વાવેતર એ પણ મારા મતે પૃથ્વી માતાનો ચુનરી મનોરથ જ છે. ભાગવત જંગલમાં જ નદી તટે રચાયું અને શ્રી શુકદેવજી વહેતી ગંગાને કિનારે, વટવૃક્ષની છાયામાં બેસીને પરીક્ષિતને સંભળાવ્યું પુરુષસૂક્તમાં વર્ણન છે, એમાં વિરાટના સંપૂર્ણ અસ્તિત્વનું વર્ણન છે. સંપૂર્ણ અસ્તિત્વ વિરાટનું શરીરની નાડીઓ છે. વૃક્ષો વિરાટ નારાયણના રોમ એટલે કે કેન્દ્રિત કર્યું છે. શ્રીકૃષ્ણની ગોવર્ધનલીલા, ઇન્દ્રના યજ્ઞને રોક્યો. ગોવર્ધન, ગાય અને બ્રાહ્મણોનો યજ્ઞ એ શું છે? ગાય અને ગોવર્ધનના યજ્ઞમાં ઇકોબોજીની વાત છે તો બ્રાહ્મણોના યજ્ઞની વાતમાં એજ્યુકેશનની વાત છે. ગાય અર્થવ્યવસ્થાની આધારશિલા હતી આજે પણ આપણું રાષ્ટ્રકૃષિપ્રધાન છે. આર્થિક વિકાસ પણ એટલો જ જરૂરી છે, તો શ્રીકૃષ્ણને આપણે જગતગુરુ કેમ કહીએ છીએ? શ્રીકૃષ્ણની લીલા, શ્રીકૃષ્ણની વાતો વર્તમાન જગત જે સમસ્યાનો સામનો કરી રહ્યું છે, તેનું સમાધાન પણ આ કથાઓમાં મળે છે. વર્તમાન સમયમાં મહત્વપૂર્વ ઇસ્યૂને ધર્મ, વેદ, પુરાણ દ્વારા, લોકો સુધી પહોંચાડવામાં આવે છે. સોંતનું એ કામ છે. વિચારથી જ તો વિશ્વ બને છે ને? તો લોકોના વિચારોને ભાગવત કે અન્ય શાસ્ત્રોના માધ્યમથી લોકો સુધી પહોંચાડીને વિચાર બદલાય તો વ્યવસ્થા બદલાશે. સનાતન ધર્મ અને વૈદિક પરંપરામાં પ્રકૃતિના તત્વોને દેવરૂપ માનવામાં આવ્યા છે, જેમ કે સૂર્ય દેવ છે, વાયુદેવ છે, ચંદ્ર દેવ છે. જળની વાત હોય તો વરૂણ દેવ છે, અગ્નિદેવ છે, પૃથ્વી માતા છે જે પંચમહાભૂતોથી આપણું શરીર બન્યું છે અને જે પંચમહાભૂતોથી સૃષ્ટિ બની છે. એના પ્રત્યેક તત્વ દૈવી છે. જેનાથી આપણું જીવન ચાલે છે. જો ઉત્સ(મૂળ)થી નાતો તોડીશું તો આપણું અસ્તિત્વ જોખમમાં મુકાઈ જશે. તેથી આપણે જેનાથી બન્યા છીએ, આપણું ભૌતિક અસ્તિત્વ છે. ફક્ત બનાવી જ નથી રાખવાનું, તેને સુખ શાંતિ અને સુવિધાયુક્ત રાખવા માટે એ બધા તત્વોની પૂજા કરવી પડશે. પૂજા કરવી મતલબ એ વિકૃત ન થાય, પ્રદૂષિત ન થાય. તેનું ધ્યાન રાખીએ, નહીં તો એ અનાદર, ઉપેક્ષા પાપ કહેવાશે. તુલસીદાસજી કથાને ગંગા કહે છે અને ગંગા પ્રાચીનની સાથે નિત્ય નૂતન પણ છે તેમ કથા ભલે પ્રાચીન લાગે પણ વર્તમાન પ્રત્યેક સમસ્યાનું સમાધાન આપે છે. પૂ. ગુરુદેવ કહે છે- સમજથી સમાજ બને છે એ સમજને નિર્માણ તરફ લઇ જઇ વિધ્વંસતી બચાવી શકાય. બધા સાથે મળીને જીવનશૈલીને એવી બનાવીએ કે કાર્બનને ઘટાડીએ અને પ્રકૃતિનું જૈવિક સંતુલન બનાવી રાખીએ. યજ્ઞ પર્જન્યને વરસાદ આમંત્રણ આપે છે. યજ્ઞના દેવ ઇન્દ્ર છે. ઇન્દ્ર મેઘોનો રાજા છે. વર્ષા દ્વારા પૃથ્વીને નિર્મળ જળ મળે છે. જળ છે તો જીવન છે. પાણી નહીં બચે તો પૃથ્વી પર જીવન નહીં બચશે. વરસાદથી સંતપ્ત ધરતી શીતળતાનો, પ્રસન્નતાનો અનુભવ કરે. જેમ મા ગોદમાં બેસાડી બાળકને ખવડાવે તેમ મા ધરતી ધાન્ય ઉગાડી જીવન બચાવે. પ્રકૃતિનો આ યજ્ઞ નિરંતર ચાલતો રહે એ જરૂરી છે. આ પૃથ્વી પર આપણે મુસાફર છીએ. ફિલ્મી ગીતની પંક્તિનું સ્મરણ થાય 'આદમી મુસાફિર હૈ, આતા હૈ જાતા હૈ આતે જાતે રસ્તેમેં યાદેં છોડ જાતા હૈ.' પરમાત્માએ આપણને દેહરૂપી મકાન આપ્યું છે. આપણે માટે આકાશ, વાયુ, જળની વ્યવસ્થા કરીએ તો આપણો ધર્મ છે એ પંચ મહાભૂતોને સ્વચ્છ રાખીએ પ્રકૃતિ માતા છે આપણે માના આરાધકો છે તો એને નુકસાન ન પહોંચાડીએ. પ્રકૃતિની સુરક્ષા, સંવર્ધન એ જ આ યુગમાં આપણી ભક્તિ છે તો જાગૃત બનીએ જીવીએ અને જીવવા દઇએ. - **પૂ.શ્રી રમેશભાઈ ના સત્સંગને આધારે**



**કથા દ્વારા જો તમે દક્ષિણા આપી શકો તો 10 વૃક્ષ, 50 વૃક્ષ 100 વૃક્ષો વાવો અને તેનું જતન પણ કરો. વૈષ્ણવી પરંપરામાં ચુનરી મનોરથ કરવામાં આવે છે અને યમુનાજીની પૂજા થાય છે, તો આ વૃક્ષોનું વાવેતર એ પણ મારા મતે પૃથ્વી માતાનો ચુનરી મનોરથ જ છે**